
# ભગવાન ભક્તની ભૂલ નથી જોતા, તેનો ભાવ જુએ છે



## આચમન
**બિપિન પટેલ**

સવારનો સમય હતો. ઋષિકેશના ગંગાકિનારે હું લટાર મારી રહ્યો હતો. સામે કિનારે હિમાલયની ગિરિમાળા ઉપરથી ભગવાન સૂર્યદેવ ડોકિયું કરી રહ્યા હતા. ઠંડો મધુરો પવન વહી રહ્યો હતો. વાતાવરણ આહલાદક હતું. મન પ્રસન્ન બની રહ્યું હતું. આવતીકાલથી ચૈત્ર નવરાત્રી શરૂ થઇ રહી હતી. બસ ! એ જ વિચારોમાં મન ડૂબતું જતું હતું. ત્યાં તો અમેરિકાથી મનીષાનો ફોન આવ્યો. તેણે કહ્યું, ‘‘આવતીકાલથી ચૈત્ર નવરાત્રી શરૂ થાય છે. અમે ભેગા મળીને શ્રીરામચરિતમાનસનું નવાહન પારાયણ કરવાનું નક્કી કર્યું છે. તમે જે માર્ગદર્શિકા મોકલી છે, તે પ્રમાણે કરીશું તો ખરાં પરંતુ જો કોઈ ભૂલ થઈ ગઇ તો?!’’ મેં તેને સમજાવવાનો પ્રયત્ન કર્યો ભગવાન તો પરમ ઉદાર છે! તેઓ ભકતની ભૂલ નથી જોતા, તેનો ભાવ જુએ છે! કાર્યમાં રહેલા ભાવનું તેમને મન વિશેષ મહત્ત્વ છે. ભકતની ભૂલને તો તેઓ ભૂલી જાય છે અને તેના ભાવ, તેની સારપને સેંકડો વાર યાદ કરે છે.

ગીતાજીમાં પણ (9-30) કંઈક આવું જ કહેવાયું છે. અત્યંત દુરાચારી પણ જો અનન્ય ભક્તિભાવે ભગવાનને શરણે જાય છે તો ભગવાન તેના આચરણને ન જોતાં તેના ભાવને સ્વીકારીને તેને સાધુ જ માને છે.

ભગવાન તો ઉદાર શિરોમણિ છે. ગોસ્વામી તુલસીદાસજી શ્રીરામચરિતમાનસના બાલકાંડમાં ભગવાન શ્રીરામની કૃપાળુતા-ઉદારતાનું વર્ણન કરતાં લખે છે-કેવો છે તેમનો સ્વભાવ -

રહિત ન પ્રભુ ચિત્ત ચૂક કિએ કી |
કરત સુરતિ સય બારહિએ કી ||

ભગવાન ભકતની ભૂલ નથી જોતા, તેના હૃદયના ભાવ જુએ છે અને તેની સારપના વખાણ કરે છે. ભગવાન ભકતની ક્રિયા નથી જોતા, ક્રિયા પાછળ રહેલો ભાવ સ્વીકારે છે. સ્વર્ણમૃગ બનીને મારીચે ભગવાન શ્રીરામને છેતરવાનો અપરાધ કર્યો પરંતુ ભગવાને તેની એ ક્રિયામાં રહેલો ભાવ ગ્રહણ કર્યો. શ્રીરામચરિતમાનસના અરણ્યકાંડનો એ પ્રસંગ ભગવાન શ્રીરામની ઉદારતા સમજાવે છે. સીતાહરણની યોજના લઈને રાવણ મારીચ પાસે જાય છે અને તેનો સહયોગ માગે છે. મારીચ રાવણને સમજાવવાના પ્રયત્નો કરે છે કારણ કે શ્રીરામ કોણ છે તેનો અનુભવ તેને થઇ ગયો હતો.

વિશ્વામિત્ર મુનિના યજ્ઞની રક્ષા કરવા માટે આવેલા શ્રીરામના એક જ બાણે તેની આસુરી વૃત્તિને બદલી નાખી હતી. આસુરી વૃત્તિ નષ્ટ થતાં તે એક સાત્ત્વિક રામભકત બની ગયો હતો. એટલે તેણે રાવણને સમજાવવાના પ્રયત્નો કર્યા પરંતુ તેના પ્રયત્નો છતાં રાવણ માન્યો નહીં. રાવણે તેને સ્વર્ણમૃગ બનીને શ્રીરામને છેતરવાની આજ્ઞા કરી. સાથે સાથે ધમકી પણ આપી કે જો તે તેમ નહીં કરે તો રાવણ તેને મારી નાખશે. મારીચે દુષ્ટ રાવણના હાથે મરવા કરતાં ભગવાનના હાથે મરવાનું પસંદ કર્યું. સ્વર્ણમૃગ બની શ્રી રામને દૂર જંગલમાં લઇ જવાનો તેણે અપરાધ તો કર્યો પરંતુ તેના હૈયામાં ભાવો સતત ઊઠતા રહ્યા- માફ કરજો પ્રભુ! આ કાર્ય હું મારી ઈચ્છા વિરુદ્ધ કરું છું. જો રાવણની આજ્ઞાનું પાલન ન કરું તો તેના હાથે મારું મૃત્યુ નિશ્ચિત હતું, અને જો તેની આજ્ઞાનું પાલન કરું તો તમારા હાથે મરવાનો મને સ્વર્ણિમ અવસર મળતો હતો. તમારી જ કૃપાથી, તમારા ફણા વિનાના બાણથી ઘાયલ થયા પછી મારી દષ્ટિ અને મારી વિચારધારા બદલાઈ ગઇ હતી!

> ભગવાન ભક્તની ક્રિયા નથી જોતા, ક્રિયા પાછળ રહેલો ભાવ સ્વીકારે છે

બસ પ્રભુ! તમારા હાથે મરવાનું મને સૌભાગ્ય મળી રહ્યું છે, હવે મારું જીવન કૃતાર્થ થશે’ ભગવાન શ્રી રામે તેની ક્રિયાને નહીં, તેના શુદ્ધ સાત્ત્વિક ભાવનો સ્વીકાર કરીને એક જ બાણથી તેના પ્રાણ હરી લઈને મુનિઓને પણ દુર્લભ એવું પોતાનું પરમપદ પ્રદાન કર્યું, અંતરપ્રેમ તાસુ પહિચાના! મુનિ દુર્લભ ગતિ દીન્હ સુજાના ભગવાન તો ભાવના ભૂખ્યા છે.

# ડગલું આગળ ભરશો તો રસ્તો મળશે



## અજવાળાં
**દુર્ગેશ ઉપાધ્યાય**

એક ચીની સંતની વાણી છે; ‘સો ફૂટ ઊંચા ઝાડનો પ્રારંભ એક સૂક્ષ્મ અંકુરથી થાય છે.’ ખૂબ સરસ વાત છે. ઝાડ ભલે ગમે તેટલું ઊંચું હોય પણ તેની શરૂઆત તો ભોંયમાં ફૂટેલા એક અંકુરથી થઈ હોય છે. એવી જ રીતે ઈમારત ગમે તેટલી ઊંચી હોય, આકાશમાં વાદળો સાથે વાતો કરતી હોય પણ એ પાયાની એક ઈંટ પર ઊભેલી છે. પાયા વિના ઈમારત ઊભી ન થઈ શકે પણ ઈમારત એ વાત ભૂલી જાય છે.

સમાજમાં પણ સામાન્યમાંથી મોટો બનેલો માનવી ઘણી વાર એ ભૂલી જાય છે કે, તે એક વાર એકદમ સામાન્ય કક્ષાનો હતો કારણ કે માણસને બદલવા માટે પૈસો અને મદ બે જ કાફી છે. એ બે એવાં તત્ત્વો કે

> જો તમે વિચારો કરીને જ બેસી રહેશો તો આગળ વધી નહીં શકો

સાધનો છે, જેનાથી માણસ ઘણી વાર આખેઆખો બદલાઈ જાય છે. જો કે પૈસા, સત્તા, મદ કે મોહ કાયમ ટકતાં નથી. એ ગમે ત્યારે જતાં રહે છે. સતત બદલાવ એ કુદરતનો સનાતન નિયમ છે એટલે જેમનો વિકાસ અંકુરાવસ્થામાં હોય, જેઓ પહેલી ઈંટ મૂકતા હોય, જે પહેલું ડગલું ભરતા હોય એ સ્થિતિ અને એ સમય થોડો અઘરો હોય છે. બાળક પણ ચાલવાનું શીખે અને પહેલું ડગ માંડે ત્યારે ડગમગે છે, પડી જાય છે પણ પછી તેને ચાલવાનું આવડી ગયા પછી એ દડદડ દોડવા માંડે છે ત્યારે પહેલા ડગની મુશ્કેલી ભૂલી જાય છે પણ ડગ માંડો તો જ પંથ શરૂ થાય છે. જો તમે કોઈ પણ ક્ષેત્રે પહેલું ડગ જ નહીં ભરો તો તે કાર્યની શરૂઆત કેમ થવાની? ઘણા પગલું મૂકતાં પહેલાં જ ડરે છે પણ ડર છોડી સાહસ કરવું જ પડે. કહ્યું છે ને કે, ‘સાહસ વિના સિદ્ધિ નથી.’

જેઓ પહેલા પગથિયે છે, એ શિખરે પહોંચી શકે છે. જે ડગલું માંડે છે એની યાત્રા શરૂ થાય છે અને તે જ ધીમે ધીમે મુશ્કેલીઓ સહન કરી એક પછી એક સોપાન વટાવી પોતાના લક્ષ્ય સુધી પહોંચી શકે છે. જો તમે વિચારો કરીને જ બેસી રહેશો તો આગળ વધી નહીં શકો. વિચારોને અમલી બનાવવા પડે છે. ચાલનાર માટે અસીમ વિકાસ આમંત્રણ આપતો ઊભો છે. હજારો કોશ યાત્રાની શરૂઆત પણ એક ડગથી શરૂ થાય છે. ડગલું આગળ ભરનારને રસ્તો ચોક્કસ મળી રહે છે. અને મુશ્કેલી તો આવવાની જ પણ ‘ડગલું ભર્યું કે ના હટવું’ એ પંક્તિ પણ યાદ રાખવી જરૂરી છે, સફળતા હંમેશાં કર્મને વરેલી છે. વૃક્ષના અંકુર સમો નાનો પ્રારંભ જ એક વિશાળ ઘટાદાર વૃક્ષ આપી શકે છે. કોઈ પણ કાર્યની શરૂઆત કાલે નહીં આજે જ કરો, આજનો સૂરજ જ તમારા માટે સોનેરી ઊગ્યો છે, એમ સમજવું.

## સપ્તાહનાં વ્રત-તહેવારો
## તા.૨૭ એપ્રિલ થી તા.૩ મે 2026



### તા. ૨૭ સોમવાર
વૈશાખ સુદ અગિયારસ, મોહિની એકાદશી-(ગૌદૂધ), જૈન શાસન સ્થાપના દિન.

### તા. ૨૮ મંગળવાર
વૈશાખ સુદ બારસ પરશુરામ દ્વાદશી, રૂક્ષમણિ બારસ

### તા. ૨૯ બુધવાર
વૈશાખ સુદ તેરસ, પ્રદોષ

### તા. 30 ગુરુવાર
વૈશાખ સુદ ચૌદસ, શ્રી નૃસિંહ જયંતી, નૃસિંહ નવરાત્ર સમાપ્ત, આદ્ય શંકરાચાર્ય કૈલાસગમન, રાષ્ટ્રસંત શ્રી તુકડોજી મહારાજ જયંતી, છિન્નમસ્તા જયંતી.

### તા. ૧ શુક્રવાર
વૈશાખ સુદ પૂનમ, ગુજરાત - મહારાષ્ટ્ર સ્થાપના દિન, વ્રતની પૂનમ, વૈશાખી બુદ્ધ પૂર્ણિમા, કુર્મ જયંતી, મજૂર દિન

### તા. ૨ શનિવાર
વૈશાખ વદ એકમ, ઈષ્ટિ, નારદ મુનિ જયંતી

### તા. ૩ રવિવાર,
વૈશાખ વદ બીજ

## સુવિચાર

જેને પોતાનું મન જીત્યું છે, તે જ સાચો વિજેતા છે

શાંતિ બહાર ક્યાંય નથી, તે તો આપણા અંદર જ વસે છે

સાચી ખુશી સંપત્તિમાં નથી, પરંતુ સંતોષમાં છે